

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ધર્મનું અધર્મથી યુદ્ધ યુગોથી થયા કરે છે,*
*અસત્યની થતા અત્યાચાર સત્ય સહ્યા કરે છે.*
*લડ્યા કરે સમાજ અપરાધિક દુષણો સામે -*
*ઈતિહાસ હાંફીને વિજયગાથા ગાયા કરે છે...*

### હાઈકુ

*આજેય પણ*
*અશોકવાટિકામાં*
*પિડાય સ્ત્રીઓ...*

*ફેલાઈ જાય*
*રાવણવૃત્તિ પછી*
*જાગે છે તંત્ર*

### ચિંતન

*રવિ કે ઉદય તારા ભૌ છીના, ચાર-બિહર દોનોં મે લીના ।*
*વિષ કે ખાયે વિષ નહિં, જાવૈ ગારુડ સો જો મરત જિયાવૈ ॥*

ઉપરોક્ત શ્લોક કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવે છે.

જે રીતે સૂર્યના ઉઘવાથી અજ્ઞાન અદશ્ય થઈ જાય છે અને ચરાચર જગતમાં બ્રહ્મરુપ ચેતન ફેલાઈ જાય છે. વિષયના ભોગો ભોગવવાથી એની વાસનાનું ઝેર દૂર થતું નથી. સાચો ગારૂડી તો તે છે કે સર્પના કરડવાથી ચઢેલા ઝેરને લીધે જે મરવા પડ્યો હોય તેને પણ પોતાના મંત્રબળથી જીવતો કરે છે. એ જ પ્રમાણે સાચા ગુરુ તે છે કે, જે વાસનારુપ વિષયની ઘેરાયેલા જીવને પોતાના સદ્દુપદેશ વડે સંસારમાં બંધનમાંથી મુક્ત કરે છે, મોક્ષ અપાવે છે.

જે રીતે સૂર્યોદયથી નક્ષત્રોની કાંતિ ફીકી પડી જાય છે. એવી જ રીતે જ્ઞાનરુપી સૂર્યના ઉદયથી જીવનના હૃદયપ્રદેશમાંથી અવિદ્યા દૂર થઈ જાય છે અને પૂર્વના કર્મોના બંધનમાંથી મુક્ત થઈ જાય છે.

### સુવિચાર

- યાતના એ હિંસાનું ફરજંદ છે, આ વાત સમજો અને સદાય જાગ્રત રહો - **જીવનસૂત્ર**
- જે પેન વડે શાંતિ કરાર લખાય છે, તે પેન એ જ ધાતુની બનેલી હોય છે, જે ધાતુમાંથી બંધૂક બને છે - **આસ્ટીન બ્રીઆંડ**
- આપણી જાતને સાચેસાચ સુખી કરવા માટે આપણે જેટલો પરિશ્રમ કરવો જોઈએ તે કરતાં આપણે સુખી છીએ એવું લોકોને ગળે ઉતારવવામાં ઘણું કષ્ટ ઉઠાવીએ છીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- મધમાખી માટે ફૂલ એ મધનું ઝરણું છે, ફૂલ માટે મધમાખી પ્રેમની સંવાહક છે - **ખલિલ જીબ્રાન**
- જે માણસ શુદ્ધ વિચારથી બોલે કે એ જ રીતે આચરણ કરે તો કદી અલગ નહીં થનારા પડછાયાની જેમ સુખ એને અનુસરે છે - **બુદ્ધ**
- નિર્વાણ એટલે આપણી મર્યાદિત હસ્તિની, અમર્યાદિત તરફથની યાત્રાની દિવ્ય પરિસમાપ્તિ છે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : એલચીના પાઉડરમાં આમળા પાઉડર લેવાથી પેશાબની બળતરા મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

કેનેડાના એડમન્ટન શહેરની યુનિવર્સિટીમાં દસ જ મિનિટની એક યાદગાર ફિલ્મ બતાવવામાં આવી. ફિલ્મનું ટાઈટલ હતું. ઈઝ ઈટ ઓલ્વયેઝ રાઈટ યુ બી રાઈટ ??' આ ફિલ્મમાં એક એવા ગામની કલ્પના રજૂ થઈ છે, જેમાં પ્રત્યેક માણસ કાયમ સાચો જ હોય, પરિણામે યુદ્ધની નોબત આવી પડી. બે પક્ષો બંધૂક સાથે સામસામે આવી ગયા. યુદ્ધ શરુ થાય તેવી ક્ષણ આવી પહોંચી. તે ભયાનક ક્ષણે સાચા પક્ષે ઊભેલા લોકોમાંથી એક ધીમો અવાજ સંભળાયો : 'આઈ કેન બી રોંગ, હું ખોટો હોઈ શકું છું.' તરત જ સામેથી પ્રતિભાવ સાંભળવા મળ્યો : 'યુ કેન બી રાઈટ, તમે સાચા હોઈ શકો' બીજી જ ક્ષણે યુદ્ધ ટળી ગયું. ફિલ્મ પૂરી થઈ ત્યારે શ્રોતાઓ નિ:શબ્દ હતા.

# ભાજપમાં જેટલી સામે છેડાયો જંગ

**તંત્રીસ્થાનેથી...**

વર્તમાન કેન્દ્ર સરકાર સામે વિપક્ષો બળાવો ઠાલવે એને કદાચ રાજકીય હેતુસર કરાયેલ વિરોધ માની પ્રજા નજર અંદાજ કરી શકે. પરંતુ જયારે પાર્ટીના જ સિનિયર નેતા અને સંઘના બ્રેઈનટ્રસ્ટ જેવા અગ્રણીઓ નારાજગી વ્યક્ત કરવા મીડિયા સુધી પહોંચે ત્યારે તો એવો જ અર્થ નીકળે કે મોદીની કરિશ્મા છતાં સરકારની કાર્યશૈલી અને અર્થનીતિ વિશે ઘણા બધાનો ભ્રમ ભાંગી ગયો છે. અગાઉ ચંદ્રશેખરના માનીતા અને પાછળથી વાજપેયીના નિકટવર્તી નેતા યશવંત સિન્હા કોઈ સામાન્ય વ્યક્તિ નથી. તેઓ બ્યુરોક્રેટમાંથી રાજનેતા થયા અને કેન્દ્રની વિવિધ સરકારોમાં અગત્યની જવાબદારીઓ સંભાળી રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા બન્યા હતા. વાજપેયી સરકારમાં તેનો નાણાંમંત્રી હતા. એમના જેવા સ્પષ્ટ વક્તા સિનિયર આગેવાનને સાઈડલાઈન કરી એમના સુપુત્રને ટિકિટ આપવાની કૂટનીતિ અપનાવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમના મંત્રીમંડળમાં પણ જયંત સિન્હાનો રાજયકક્ષાના મંત્રી તરીકે સમાવેશ કર્યો હતો. આમ છતાં, યશવંત સિન્હા એમના 'મનની વાત' નિખાલસપણે વ્યક્ત કરવા મજબૂર થયા છે એનું કારણ ફક્ત એ જ કે પોતે નાણાંખાતું સફળતાપૂર્વક ચલાવેલું છે, જે છેલ્લા ત્રણ વરસ દરમિયાન તઘલખી નિર્ણયો અને એકથી એક ચડિયાતી ભૂલો કરી દેશના અર્થતંત્રને ખાડામાં ધકેલી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમૃતસરથી લોકસભાની ચૂંટણી હારી ગયેલા અરુણ જેટલીને નાણાં ખાતું સોંપ્યું અને પછી તો એની સ્થિતિ સરજાવા પામી કે સરકાર ફક્ત 'અઢી' આગે વાતો થકી ચાલતી હોવાની ટીકાઓ થવા લાગી. મોદી, શાહ અને જેટલીની ત્રિપુટી સામે બહારથી તો ટીકા ટિપ્પણી થતી જ હતી, સમય જતાં પાર્ટીનાં અંતરંગ વર્તુળોનો રોષ પણ હવે બહાર આવવા લાગ્યો છે. સતત વધતી જતી મોંઘવારી, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ક્રૂડ ઑઈલના ભાવ તળિયે પહોંચ્યાં છતાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થતો રહેલો વધારો એ વર્તમાન સરકારની અર્થનીતિની નિષ્ફળતા સૂચવે છે અને નોટબંધીએ તો ભારતીય અર્થતંત્રનો કચ્ચરઘાણ જ વાળી દીધો છે, એવું કડવું સત્ય ઉચ્ચારી યશવંત સિન્હાએ જેટલી સાથે જ મોદીને પણ લબડધક્કે લીધા છે એમણે મોદીની બચપણવાળી ગરીબીની દિશામાં આખો દેશ ધકેલાઈ રહ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. વળી સરકારમાં પ્રજાનો તો શું, નેતાઓનો પણ અવાજ નહીં સંભળાતો હોવાનું જણાવી વર્તમાન સરકાર વિરુદ્ધ આક્રોશ પ્રગટ કર્યો છે. દેશની જે દુર્દશા સરજાઈ છે તેની વિરુદ્ધ મૌન રહેવામાં પોતે રાષ્ટ્ર પ્રત્યેની ફરજ ચૂકી રહ્યા હોવાનો અહેસાસ થતાં એમણે દૂંટીની વાત હોઠે આણી છે. આ સરકારમાં નોકરીઓ નથી, રોકાણોમાં ઐતિહાસિક ઘટ નોંધાઈ છે અને જૂની પદ્ધતિ મુજબ તો જીડીપી પણ છેક ૩.૭ ટકાના તળિયે પહોંચ્યો છે. વળી વાજપેયી સરકારથી તદ્દન વિરુદ્ધ પ્રજાને ડરાવવા-ધમકાવવા ઈન્કમટેક્સ, એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ અને સીબીઆઈનો ભરપૂર દુરુપયોગ થઈ રહ્યો હોવાનો આક્ષેપ કરી યશવંત સિન્હાએ મોદી સરકાર વિરુદ્ધ રીતસરનો મોરચો જ ખોલી દીધો છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતાઓએ પણ આવો જ બળાવો વ્યક્ત કરવા માંડ્યો છે. ઍસ. ગુરુમૂર્તિ જેવા સંઘવિચારકને અને ભારતીય મજદૂર સંઘના પ્રમુખ નારાયણનને પણ અર્થતંત્ર આડા પાટે ચડી ગયેલું લાગે છે. સુબ્રમણ્યમ સ્વામી મોદીના પરમ પ્રશંસક હોવા છતાં એમની સરકારની નિષ્ફળ નાણાનીતિની કડક ટીકા કરતા રહ્યા છે. વિપક્ષ કરતાં પણ વધુ આકરી ભાષામાં પક્ષના જ વિચારકો અને વરિષ્ઠો વર્તમાન કેન્દ્ર સરકારની વિરુદ્ધ આક્ષેપોની ઝડી વરસાવતા થયા હોય ત્યારે મોદીની વાક્છટા અને નાટકીય રજૂઆતો કે ટોળાં ભેગાં કરવાની ચવાઈ ગયેલી રાજનીતિ કેટલી કારગત નીવડશે તે તો સમય જ કહેશે. એટલું નક્કી કે ખતરાની ઘંટડી વાગી ચૂકી છે અને તે પણ ભાજપના જ ઘરના માણસો દ્વારા.

# દશાનનની ત્રિનયનને પ્રાર્થના



**અમર વારસો**

ડો. રશ્મિકાન્ત મહેતા

ત્રિનયન શિવ તાંડવ નૃત્ય કરી રહ્યા છે. દશાનન રાવણ તેમની સ્તુતિ કરી રહ્યા છે :

આની જટામાંથી ગંગાની ધાર પ્રવાહિત થાય છે અને એના કંઠને પ્રક્ષાલિત કરે છે. આ કંઠમાં સર્પમાળ શોભી રહી છે. એ ડમરૂના નિનાદે તાંડવ કરી રહ્યા છે. આ શિવજી અમારું કલ્યાણ કરો. (૧)

ગંગાના તરંગો એના મસ્તકને શોભાવે છે, એના ભાલપ્રદેશમાંથી ધગધગતો અગ્નિ પ્રગટેલો છે. એના મસ્તકે બાલચંદ્ર છે. મારો એના તરફ સતત પ્રેમ છે. (૨)

એ પાર્વતીમાં વિલાસને પ્રેરે છે. દિશાઓનાં છેવાડા સુત્રી માત્ર આનંદને જ ભરી આપે છે. એની કૃપા આપત્તિઓનું નિરાકરણ કરે છે. આ દિગંબર જ સાચો આનંદ આપે છે. (૩)

એણે જટામાં ધારણ કરેલા મણિધર સર્પો પ્રકાશ રેલાવે છે, એમણે ગજચર્મ ઓઢેલું છે. હે ચિત્ત ! તું આ અદ્દ્ભૂત આનંદ અનુભવી લે. (૪)

એના ક્રોધાગ્નિમાં કામદેવ રાખ થઈ ગયો. ચંદ્ર એમણે શીતળ કરી રહ્યો છે. હે શિવ! તમે અમને દૈવી સંપત્તિ આપો. (૫)

ઈન્દ્ર વગેરે દેવો એનાં ચરણોમાં પ્રણામ કરી રહ્યા છે. હે ચંદ્રશેખર ! હવે મારું પણ સતત કલ્યાણ થાય. (૬)

આમણે એ વખતે કામદેવને બાળી નાખ્યો હતો. પરંતુ વિવાહ પછી એ જ શિવ પ્રેમથી પાર્વતીને શણગાર કરી આપે છે. આ ત્રિલોચન શિવમાં મારો પ્રેમ કાયમ રહે. (૭)

પોતે ગૌરવર્ણનાં છે; પરંતુ કંઠ શ્યામ છે. એની જટામાં ગંદા અને મસ્તકે ચંદ્રમા છે. વસ્ત્રમાં ચર્મ છે. આ જગતમાં એ ધુરંધર છે. એ મારા ઐશ્વર્યનો વિસ્તાર કરો. (૮)

કંઠની આ કાળાશ એની પરદુ:ખભંજકતા બતાવે છે. એ કામદેવનો, ત્રણ નગરોનો, યજ્ઞનો, ગજાસુરનો નાશ કરનારા છે. હું એને ભજું છું. (૯)

એક બાજુથી તમને બધા વીરને શોભતાં વિશેષણો લાગુ પડે છે. છતાં બીજી બાજુ પાર્વતીની કલાકૃતિઓ માટે રસિક છો. (૧૦)

સાયંકાળ છે. નૃત્ય તાંડવ કેવું પ્રચંડ છે? અગ્નિ પ્રગટેલો છે. મૃદંગનો ધ્વનિ છે. ભયંકર રીતે ફેલાઈ રહ્યો છે. (૧૧)

પથ્થરની શૈયા અને છત્રપલંગ, મિત્ર અને શત્રુ, બધામાં હું સમતા કયારે જોઈ શકીશ? તમને ભજતો રહીશ? તમને ભજતો રહીશ? (૧૨)

હવે હું કુમતિને કયારે છોડીશ? પશ્ચાતાપ કરતા રહીને કયારે શિવનું મંગલ ઉચ્ચારણ કરીને સુખી થઈશ? (૧૩)

દેવાંગનાઓ એમની સેવા કરીને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરે છે. આ ચિદાનંદ સ્વરુપ શિવ મારી પ્રસન્નતા જાળવી રાખે. (૧૪)

અણિમા વગેરે આઠ પ્રકારની સિદ્ધિઓ શિવજી આપે છે. આ શિવના મંત્રોનો મંગળ ધ્વનિ મને સંસારમાં વિજય અપાવ અપાવતો રહે. (૧૫)

આ સ્તોત્ર ઉત્તમ છે. આનો નિત્ય પાઠ કરવો. અથવા બીજા પાસેથી સાંભળવું. આનાથી સારા સંતાનો પ્રાપ્ત થશે, ગુરુમાં ભક્તિ દઢ થશે, અવગતિ નહિ થાય, શિવની કૃપા ઉતરશે. (૧૬)

આ સ્તોત્ર રાવણે શિવપૂજનને અંતે ગાયેલું છે. જે કોઈ સાયંકાળે શિવપૂજા પછી આ સ્તોત્રનો પાઠ કરશે એને શિવજી કલ્યાણકરનારી લક્ષ્મી હંમેશને માટે આપશે. (૧૭)

દશાનની આ ત્રિનયનને આ પ્રાર્થના છે.

# વિશ્વનો એકમાત્ર તરતો રાષ્ટ્રીય ઉદ્યાન કેઈબુલ લામજાઓ ક્યાં આવેલ છે ?



**ખજાનો**

અનિલ પટેલ

### ભારતની ભૂગોળ

(૧) આંદામાન-નિકોબાર દ્વિપ સમુદનું સૌથી ઊંચું પર્વત શિખર કયું છે ?
(અ) લાન્દોંડો (બ) સેડકપીક
(ક) ગુરુ શિખર (ડ) એવન પીક

(૨) ભારતના પૂર્વી સમુદ્રકિનારાને કયા નામે ઓળખવામાં આવે છે ?
(અ) પૂર્વ સમુદ્ર ધુની (બ) કોરોમંડલ તટ
(ક) શિવસાગર (ડ) અરબ ધૂની

(૩) ગોરખા હિલ કાઉન્સિલ કયા રાજયમાં કાર્યરત છે ?
(અ) પશ્ચિમ બંગાળ (બ) ઉતરાંચલ
(ક) ઉત્તર પ્રદેશ (ડ) અરુણાચલ પ્રદેશ

(૪) વિશ્વનો એકમાત્ર તરતો રાષ્ટ્રીય ઉદ્યાન કેઈબુલ લામજાઓ કયાં આવેલ છે ?
(અ) દાર્જિલિંગ (પ.બંગાળ) (બ) શિવસાગર (આસામ)
(ક) ઈમ્ફાલ (ડ) છત્તીસગઢ

(૫) નીચેનામાંથી કયુ રાજય બાંગ્લાદેશની સરહદ સાથે જોડાયેલ નથી ?
(અ) પ. બંગાળ (બ) આસામ
(ક) મેઘાલય (ડ) આંધ્રપ્રદેશ

(૬) ઈલાયચીની પહાડી કયા રાજયમાં આવેલ છે ?
(અ) તમિલનાડુ (બ) કર્ણાટક
(ક) કેરલ (ડ) આંધ્રપ્રદેશ

(૭) બિહારમાં કોસી નદી નીચેનામાંથી કઈ નદીને મળે છે ?
(અ) યમુના (બ) ગોદાવરી
(ક) બ્રહ્મપુત્રા (ડ) ગંગા

(૮) રાજસ્થાનના કયા બે જિલ્લામાં એક પણ નદી નથી ?
(અ) બિકાનેર અને કોટા (બ) ભરતપુર અને બિકાનેર
(ક) ભરતપુર અને ચુરુ (ડ) ચૂરુ અને બિકાનેર

(૯) પોલાદ ઉદ્યોગ માટે જાણીતા ભીલાઈ અને બોકારો કયા રાજયમાં આવેલ છે ?
(અ) ઉત્તરાંચલ (બ) બિહાર
(ક) છત્તીસગઢ (ડ) ઉત્તરપ્રદેશ

(૧૦) ચાંદીપુર શા માટે જાણીતું છે ?
(અ) અણુ પરીક્ષણ (બ) મિસાઈલ પરીક્ષણ
(ક) સોલાર ઉર્જા માટે (ડ) પવનઉર્જા માટે

(૧૧) તિલૈયા અને કોનાર બંધ કયા રાજયમાં આવેલ છે ?
(અ) મધ્યપ્રદેશ (બ) છત્તીસગઢ
(ક) મહારાષ્ટ્ર (ડ) કર્ણાટક

(૧૨) નેશનલ વુડ ફોસિલ પાર્ક કયા આવેલ છે ?
(અ) જેસલમેર (બ) અમજેર
(ક) ઉદયપુર (ડ) ભરતપુર

(૧૩) ગારો, ખાસી અને જેન્તીયા પર્વતો કયા રાજયમાં આવેલ છે?
(અ) અરુણાચલ (બ) આસામ
(ક) મેઘાલય (ડ) નાગાલેન્ડ

(૧૪) હરિયાણાના કયા સ્થળે 'હિન્દુસ્તાન મશીન ટુલ્સ'નું એકમ આવેલ છે ?
(અ) પિંજોર (બ) અંબાલા
(ક) કરનાલ (ડ) ગુડગાંવ

(૧૫) મધ્યપ્રદેશનું મંદસૌર કઈ ખેતી માટે જાણીતું છે ?
(અ) ડુંગળીની (બ) બટાટાની
(ક) દ્રાક્ષની (ડ) અફીણની

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૩૦ સપ્ટેમ્બર ૧૯૩૯ : ચિનુ મોદી :** વિજાપુર ખાતે જન્મેલા જાણીતા સાહિત્યકાર, વિદ્યાવાચસ્પતિની પદવી પણ પ્રાપ્ત કરી. 'ઈર્શાદ ગઢ' 'ક્ષણનાં મહેલમાં' કાવ્ય સંગ્રહો આપ્યા. જાણીતા નવલકથા સર્જક.
- **૧ ઓક્ટોબર : ૧૮૪૭ :** એની બેસન્ટ : હોમરુલ ચળવળના પ્રણેતા, થિયોસોફીકલ સોસાયટીના સ્થાપક, બ્રિટીશ સોસીયાલીસ્ટ, લેખિકા અને એક્ટીવીસ્ટ. ૧૯૧૭માં કોંગ્રેસના અધ્યક્ષ બન્યા. ભારતની આઝાદી માટે લડ્યા.
- **૨ ઓક્ટોબર ૧૮૬૯ : મહાત્મા ગાંધીજી :** મહાત્મા ગાંધીજી : પોરબંદરમાં જન્મ, સત્ય, અહિંસા અને અસ્પૃશ્યતાના પુજારી. દક્ષિણ આફ્રિકામાં કરેલી ચળવળના પગલે, ભારતમાં અહિંસક લડત આપીને દેશને અંગ્રેજોની ચુંગાલમાંથી છોડાવી દેશને આઝાદી અપાવી. ૩૦.૦૧.૧૯૪૮માં નિધન થયું
- **૩ ઓક્ટોબર ૧૯૦૯ : મનસુખલાલ ઝવેરી :** જામનગરમાં જન્મ. કવિ અને વિવેચક, મુંબઈને કર્મભૂમિ બનાવી. કાવ્યસંગ્રહો, વિવેચન લેખો, તથા વ્યાકરણને લગતાં પુસ્તકો આપ્યા. સંસ્કૃત અને અંગ્રેજીભાષામાં અનુવાદો પણ કર્યા, ૧૯૮૧માં અવસાન થયું.
- **૪ ઓક્ટોબર ૧૮૫૭ : શ્યામજી કૃષ્ણવર્મા :** કાન્તિવીર, કચ્છનું રતન, ગુજરાતી ઉદ્દાતવાદી નેતા, કચ્છ-માંડવીમાં જન્મેલા. મુંબઈ જઈ સંસ્કૃત અને અંગ્રેજીમાં શિક્ષણ લીધું. સ્વામી દયાનંદ સંસર્ગમાં આવ્યા. આર્ય સમાજના રંગે રંગાયા. વિદેશમાં જઈ સ્વરાજની લડત શરુ કરી. 'ઈન્ડિયા હાઉસ'ની શરુઆત કરી. ૧૯૩૦માં જીનિવા ખાતે અવસાન થયું.
- **૫ ઓક્ટોબર ૧૮૯૦ : કિશોરલાલ મશરુવાળા :** મહાત્મા ગાંધીના અંતેવાસી, કેળવણીકાર. મુંબઈમાં જન્મ. બી.એ. એલ.એસ.બી. થઈ વકીલાત કરી. 'હરિજન' પત્રના સંપાદક રહ્યા. ૧૯૫૨માં અવસાન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**મ્યાનમાર દેશના વડાપ્રધાન કોણ છે?**

**જવાબ : હતીન ક્યાવ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૫) હાર્દિક આર. મકવાણા : સે-૨૪
(૬) મહેશ જાદવ : ગૂજરાય વિદ્યાપીઠ, અમદાવાદ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ગુજરાતમાં રાષ્ટ્રીય જનતા પાર્ટી કોણે બનાવી હતી ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) બ (૩) અ (૪) ક (૫) ડ (૬) ક (૭) ડ (૮) ડ (૯) બ
(૧૦) બ (૧૧) બ (૧૨) અ (૧૩) ક (૧૪) અ (૧૫) ડ

# માતાજીની ભક્તિ...



**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

નવરાત્રી લગભગ હવે પૂર્ણ થવા આવી છે. લોકો કહેતા કે આ વખતે નવરાત્રીમાં રોજ વરસાદ પડવાનો છે પણ માતાજીની દયા તો જુઓ... વરસાદનું ટીપું પણ ન પડ્યું. જે લોકોને ગરબા ગાઈને માતાજીની ભક્તિ કરવી હતી તેમને બહુ શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરી. આવું સવિતાબેને મંગુબેનને કહ્યું. મંગુબેન શાંતિથી સવિતાબેનને સાંબળી રહ્યા હતા. પછી મંગુબેન જરા અકળાઈને બોલ્યા, અરે શું સવિતા તું શું બોલે છે. તને ગરબામાં માતાજીની ભક્તિ ક્યા દેખાઈ ? ચારે બાજુ માતાજીને બાજુ પર મુકીને પોતપોતાના ગોલ સિદ્ધ કરવામાં પડ્યા છે. સવિતાબેને કહ્યું મંગુબેન એવું નથી. તમે સેક્ટરની દરેક શેરી નવરાત્રીમાં અથવા તો શેરી ગરબામાં જઈને જુઓ.. ત્યાં માતાજીનો નાનો ફોટો મુક્યો છે અથવા તો પ્રતિમા મૂકી છે અને બધા શ્રદ્ધાથી ગરબા ગાય છે, આરાધના કરે છે, આરતી કરે છે અને પછી માતાજીનો પ્રસાદ પણ આપે છે. હા તો તમે જે કહો છો તે મંગુબેન એ મોટી મોટી પાર્ટી પ્લોટની વાત કરો છો. જ્યાં પાર્ટીના સંચાલકો પોતાના ઉલ્લું સીધા કરવા મન ફાવે એમ લોકોને ભેગા કરી મોટા ગજાના કલાકારો લાવી, લાઈટોનો ભકતો કરી, મોટા મોટા સ્ટેજ બનાવી, મોંઘાદાટ લાઉડસ્પીકરો મૂકી અને માતાજીની ભક્તિના નામે પોતાની મહેચ્છાઓ પૂરી કરવા પ્રત્યન કરતા હોય છે. ક્યાંય પણ માતાજીની ભક્તિ દેખાતી નથી. અમે લોકો અથવા અમારી સંસ્થા હજ્જારો લોકોને નચાવી શકે છે, હજ્જારો લોકોને કંટ્રોલ કરી શકે છે, જ્યાં પોતાના નીજી સ્વાર્થ માટે પાઈમ મિનીસ્ટ્રર, ચીફ મીનીસ્ટ્રરો, સાધુ-સંતો અને ગામના કહેવાતા મોટા આગેવાનોને બોલાવી પોતાના ઉલ્લું સીધા કરતા હોય છે. અમે લોકો જ આ બધાને બોલાવી શકીએ, લાઈવ ટેલીકાસ્ટ કરી લાખ્ખો લોકોએ અમારા ગરબા જોયા એવું બતાવવા માટે પ્રયત્ન કરતા હોય છે. બોલ સવિતા આમાં તને ભક્તિ ક્યાં લાગી ? સવિતાબેન બોલ્યા આ કળીયુગમાં આવી જ રીતે ભક્તિ થતી હોય છે. મીનીસ્ટ્રરો પણ પોતાની જાતને સાબિત કરવા માટે અથવા તો હમણાં ચૂંટણી નજીક હોવાના કારણે તેમના પોતાના ઉલ્લું સીધા કરતા હોય છે. એમને પણ કોઈ ભક્તિ સાથે, કોઈ માતાજી સાથે લાગતું - વળગતું હોય એવું મને નથી લાગતું. અરે ભાઈ, તમારી કોલમનું નામ છે તન તંદુરસ્તી... એમાં ક્યાં નવરાત્રી અને કોઈના ઉલ્લું સીધા અને ઉધા કરવાની જરૂર છે ? તમને જે વિષય આપેલો છે તેની પર કઈ કહો.. પણ ભાઈ ઘણી વખતે આપણે જ્યારે સમાજમાં જોતાં હોઈએ છીએ ત્યારે સમાજને અરીસો બતાવવો એ તો આપણું કામ છે. એમાં સાચું શું છે અને ખોટું શું છે એ તો મને પણ નથી ખબર. ખરેખર તો લોકો એટલા બધા દુ:ખી છે અને એટલા બધા વ્યસ્ત છે, એટલે કોઈને પણ સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ પારખવાની ચિંતા જ નથી. પોતાના આનંદ માટે અને શક્ય હોય એ પ્રમાણે લોકો સમયનો અને પૈસાનો ઉપયોગ કરતા હોય છે. અત્યારે માતાજીની ભક્તિ, ભગવાનની ભક્તિ કરવા માટે લોકો આવા જ માધ્યમોનો ઉપયોગ કરતા હોય છે. જેમાં આનંદ પણ હોય અને કહેવાતી ભક્તિ પણ હોય. એમાં આપણે દુ:ખી થવાની જરૂર નથી. આ તો વધ્યા કરવાનું, હજુ પણ ખરાબ દશા આવશે. જેમ જેમ દિવસ જશે તેમ દુર્ગુણો ધરાવતા મનુષ્યો પોતાનો પગપેસારો સમાજ ઉપર કરતા રહેશે અને સાચા અને સારા માણસો ખાઈમાં ધકેલાતા જાય છે. એમાં ખરાબ માણસોનો વાંક નથી. એ સારા માણસો પોતાની જાતને સારી સાબિત કરવા દૂર્જન માણસોના કર્મોનો શિકાર થતાં રહેશે. ચાલો હવે બહુ થયું, હવે તંદુરસ્તી માટે પણ કંઈ લખીએ...

હા... તો ગયા અંકમાં જેમ કહ્યું હતું કે આ સિઝન જેમાં ચોમાસું જવાની તૈયારી હોય છે અને શિયાળો આવવાનો હોય છે. આ મિક્સ ઋતુમાં હવામાં ભેજનું પ્રમાણ વધારે હોય છે. જેના લીધે વાતાવરણમાં જુદા જુદા વાઈરસ, જુદા જુદા જંતુઓ મચ્છર મારફતે હવામાં અને શરીર પર પોતાનો પગદંડો જમાવતા હોય છે. માણસોની રોગપ્રતિકારક શક્તિ જેને કહેવાય ઈમ્ન્યુન સિસ્ટમ ખૂબ જ ખરાબ હોય છે અને તેને લીધે વાઈરસ જેમાં વાઈરલ ઈન્ફેકશન, જેમ કે, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, સ્વાઈન ફ્લુ વગેરે પ્રકારના રોગ મનુષ્યને હેરાન કરી દેતા હોય છે. માનસિક, શારીરિક અને નાણાંકીય રીતે બરબાદ કરી નાખતા હોય છે. ઘણાં બધા એવા કુટુંબ છે કે જેના ઘરમાં ડેન્ગ્યુ, ચિકનગુનિયા કે સ્વાઈન ફ્લુ ઘુસ્યો તો ઘર ખાલી કરીને જતા હોય છે. બહુ મોટો રાક્ષસ તો હવે આવશે જે લગભગ દિવાળી સુધી દેખાતો રહેશે અને એ છે ફાલસિપેરમ મેલેરિયા જે મચ્છરોથી ફેલાતો રોગ હોય છે અને આ મિક્સ ઋતુનાં વાતાવરણમાં ભેજવાળી હવામાં લોકોને વધારે થતો હોય છે અને તેને લીધે અત્યારે ચારેબાજુ દવાખાના, મોટી લેબોરેટરીઓ અને મેડીકલ સ્ટોર્સ ભરેલા જોવા મળશે. આ બધું તો દરેકને ખબર જ છે આમાં મેં કાંઈ નવું કશું જ કહ્યું નથી. નવું કહેવું હોય તો શું કહેવાય. તમને તરત જ પ્રશ્ન થશે કે ભાઈ આ બધામાંથી બચવા માટે શું કરવું જોઈએ ? તો સવાલ પૂછનારને જ જવાબ ખબર છે છતાં પણ એ

અનુસંધાન પાના નં. ૭ પર